ગાંધીનગર સમાચાર
તા. ૧૪-૧-૨૦૧૫, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### સંક્રાન્તિના સંકલ્પો

ક્રાંતિ અને સંક્રાંતિના સુભગ પર્વ જેવા સપરમા દિવસે ગુજરાતમાં ઉત્તરાયણની પરંપરાગત ઉજવણી થઇ રહી છે તો વળી પૂર્તોત્તર આસામના સાત ભગિની પ્રદેશો 'બિહુ'ની ઉજવણી મારી રહ્યા છે. ઉત્તર ભારતમાં આ જ દિવસોમાં 'લોહડી' નો તહેવાર ઉજવાતો હોય છે. સૂર્ય એ જાગતો જોગંદર છે. બધા ગ્રહોનો રાજા છે અને સકળ સૃષ્ટિનો જીવનદાતા છે. મકર સંક્રાન્તિ એ સૂર્યચેતનાનું પર્વ છે. ઉત્તરનો સૂર્ય એ ઉર્ધ્વારોહણનું શુભમુહૂર્ત છે. એટલે જ ભીષ્મ પિતામહે બાણશૈયાની કષ્ટદાયક પથારીમાં પડ્યા રહી મકર સંક્રાતિના દિવસની પ્રતીક્ષા કરી હતી. આ મંગલ તિથિ પછીનો સમય મૃત્યુથી લઈ લગ્ન સુધીનાં શુભકાર્યો માટે શાસ્ત્રીય દૃષ્ટિએ ઉત્તમ ગણાયો છે કહે છે કે ઉત્તરના સૂર્યમાં દેહ છોડનારને મોક્ષગતિ પ્રાપ્ત થાય છે. ભારત અને વિશેષપણે ગુજરાતમાં મકરસંક્રાતિનો મહિમા અપરંપાર છે. શુભકાર્યો માટેના આ મંગલ પર્વે માણસ આકાશ સાથેનો અનુબંધ તાજો કરવા પતંગ ઉડાડવા લાગ્યો હશે. પતંગોત્સવ ગુજરાતની નવરાત્રી જેટલો જ લોકપ્રિય બની ચૂક્યો છે. દેશવિદેશથી લોકો અમદાવાદની ઉત્તરાયણ જોવા ઊતરી પડે છે. નરેન્દ્ર મોદી અમદાવાદનાં ધાબાં પર પતંગ ઉડાડતાં ઉડાડતાં લાલ કિલ્લાના બુરજ પર પહોંચી ગયા એમાં 'વાઈબ્રન્ટ ગુજરાત'ના પતંગોત્સવનો સિંહફાળો છે. પતંગ એ માણસની ઉડ્ડયનવૃત્તિનું પ્રતીક છે. એની પાસે પક્ષી જેવી શરીર સાથે જડાયેલી પાંખો નથી, પરંતુ કલ્પનાની આંખો છે, અને બુદ્ધિની પાંખો છે. આ બુદ્ધિની પાંખો વડે એણે આખી દુનિયાને બલકે બ્રહ્માંડનું પગેરું મુઠ્ઠીમાં કેદ કરી લીધું છે. એની ચેતના થકી જ ઈશ્વરનું પગેરું શોધતો રહ્યો છે, પરગ્રહવાસીઓનો પીછો કરતો રહ્યો છે. પૃથ્વી પર એકાધિકાર જમાવી ચૂકેલા કાળા માથાનો માનવી કુદરતના કાનૂનોનું અતિક્રમણ કરી વધુ ને વધુ સુવિધાઓ શોધતો રહ્યો છે. એમાં ક્યારેક એને પ્રવૃત્તિના કોપનો ભોગ પણ બનવું પડે છે. મકર સંક્રાંતિ જેવા પ્રકૃતિ પર્વ પ્રસંગે આ દિશામાં પણ ચિંતન થાય તે જરૂરી છે. સંક્રાંતિનું સ્નાન ઘણું પાવનકારી ગણાયું છે. ગંગાને બચાવવાની ઝુંબેશ આપણે ત્યાં વર્ષોથી ચાલતી રહી છે. કરોડો રૂપિયાનું પાણી કર્યા પછી પણ ગંગાના પાણીને પ્રદૂષણમુક્ત કરવામાં આપણું તંત્ર સફળ નથી થયું. ૨૦૧૪માં ગંગામૈયાના જ ઈજન થકી વારાણસીની બેઠક પર ચૂંટણી લડી વડાપ્રધાન બનેલા ગંગાપુત્ર મોદીની નૈતિક જવાબદારી બની રહે છે કે હવે તેઓ દેશને 'કોંગ્રેસ મુક્ત' કરવા કરતાં ગંગાને ગંદકીમુક્ત કરવા તરફ વિશેષ ધ્યાન આપે. ગાય, ગંગા ને ગૌરી - ત્રણેય સંકટમાં છે. નિર્ભયાકાંડ પછી બળાત્કાર માટેની સજા વધુ કડક બનાવાયા છતાં સામૂહિક બળાત્કારોનો સિલસિલો અટક્યો નથી. સંક્રાતિ પર્વે ગાયોને ઘાસ નીરવાનો રિવાજ છે. 'પિંક રિવોલ્યુશન' વિરુદ્ધ બુલંદ અવાજે પ્રચારસભાઓ ગજવનાર નરેન્દ્ર મોદીએ ગાયના નામે મબલક મતોનો મોલ લણી લેનાર વડાપ્રધાન તરીકે તો વિક્રમ નોંધાવી દીધો પરંતુ ગૌમાંસનું ઉત્પાદન કે હેરાફેરી અટકાવવા કશું જ કર્યું નથી. મકરસંક્રાતિનું શુભમુહૂર્ત સંપૂર્ણ ગોવધબંધીના વટહુકમ માટેનું યાદગાર પર્વ બની શકે. વિશ્વ હિંદુ પરિષદ અને હિંદુ જાગરણ મંચ 'ઘર વાપસી' કે 'હમ દો, હમારે ચાર' જેવા વિવાદાસ્પદ કાર્યક્રમો આપવાને બદલે દેશના દરેક હિંદુનું દિલ જીતી શકે એવો ગૌવધબંધીનો કાર્યક્રમ ક્યારે આપશે? ઈંટ ચૂનાના રામ મંદિર કરતાં આ કરૂણામય કાર્યક્રમ વધારે મહત્ત્વનો છે, એમ નથી લાગતું? આ મુદ્દે દેશની બિન હિંદુ પ્રજાને સહમત કરવાનું પણ અઘરું નથી. ગાયને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવાની માગણી કરતી રહેલી વિશ્વ હિંદુ પરિષદ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એમની સરકાર પાસે આટલું કરાવી શકે તો પણ ઘણું ગણાશે.

# ચિંતન શિબિર માટે શાળાનો સમય નહી બદલાય

## યુનિટી ફોર કવોલીટી એજયુકેશન અધિવેશનમાં શિક્ષકોને ફરજિયાત હાજર રહેવાનો આદેશ પણ રદ : રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના વિરોધનો પડઘો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આયોજિત યુનિટી ફોર કવોલીટી એજયુકેશન શિબિર માટે શાળાઓનો સમય સવારે ૭ વાગ્યાનો કરવામાં આવ્યો હતો જેનો સર્વત્ર વિરોધ થતાં જિલ્લા શિક્ષણાધિકારીએ શિયાળાની કડકડતી ઠંડીમાં બાળકોના હિતને ધ્યાનમાં રાખીને શાળાનો સમય ૭.૩૦નો યથાવત રાખેલ છે તેમજ આ ચિંતન શિબિરમાં શિક્ષકોને ફરજિયાત હાજર રહેવાની સૂચના પણ રદ કરવામાં આવી છે.

જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા અગાઉ તા. ૧૬મી જાન્યુઆરીએ યોજાનારા અધિવેશન માટે શાળાઓનો સમય વહેલો કરવાનો અને શાળા પત્યા બાદ પ્રાથમિક શિક્ષકોને ફરજિયાત હાજર રહેવાનો હુકમ કરાયો હતો. આ હુકમ અંગે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. જેમાં શિયાળાની કડકડતી ઠંડીમાં બાળકોના સ્વાસ્થ્ય પર અસર પડી શકે તેમજ વહેલી સવારે અંધારામાં આકસ્મિક કે અઘટીત ઘટના બની શકે તેવી દહેશત રજુ કરાઈ હતી. તેમજ તમામ પ્રાથમિક શિક્ષકો શિક્ષક સંઘ સાથે જોડાયેલા નથી તેવી દલીલના આધારે શૈક્ષિક મહાસંઘ દ્વારા પ્રાથમિક શિક્ષકોને ચિંતન શબિરિમાં ફરજિયાત હાજર રહેવા અંગે વિરોધ કરાયો હતો. આ વિરોધના કારણે જિલ્લા શિક્ષણાધિકારીએ શાળાનો સમય યથાવત રાખવા અને શિક્ષકોને ફરજિયાત હાજર રહેવાનું સૂચન રદ કરવા આજે હુકમ કર્યો છે. શૈક્ષિક મહાસંઘે આ નિર્ણય માટે જિલ્લા શિક્ષણાધિકારીનો આભાર માન્યો છે.

### હરિની દૃષ્ટિ...




આપણને, ૨૫ લાખ કરોડનો પતંગ ચગાવીને હાથમાં આપી દીધો... હવે, પકડો બરાબર... ગુજરાતીની આબરૂનો સવાલ છે... !!

### લેખ લખવાની કલા વિશે સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૩

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશન સેકટર-૨૩, ગાંધીનગર અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુકત ઉપક્રમે વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારના વિષયો ઉપર લેખ લખે અને લેખનકાર્ય કરતા શીખે તે હેતુથી તાજેતરમાં લેખ લખવાની કલા વિશે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ શાળા/કોલેજોમાંથી વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લઈને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા. શ્રી નરેન્દ્રભાઈ નાયીએ કર્યું હતું.

### જેસંગપુરા ગામે માતૃવંદના કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા.૧૩

પ્રાંતિજ નેશનલ હાઈ-વે ઉપર આવેલ દશામાં મંદિર ટ્રસ્ટ દ્વારા જેસંગપુરા ગામે માતૃવંદના કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વૃધ્ધ માતાઓને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજના જેસંગપુરામાં માતૃવંદના કાર્યક્રમનું આયોજન થતા ૬૫ વર્ષથી ઉપરની વૃધ્ધ માતાઓનું પૂજન કરી તેમનું શાલ ઓઢાડીને વંદન કરી સન્માન કરવામાં આવ્યું હતું. જયારે દશામાં ટ્રસ્ટ દ્વારા માતૃવંદનાના આ અનોખા કાર્યક્રમમાં ગરીબ અનેવૃધ્ધ માતાઓનું સન્માન કરી માતૃવંદના સેવા યજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ટ્રસ્ટી નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, આશિષ પટેલ, દલપતસિંહ રાઠોડ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.



ગરીબ બાળકોને પતંગ અને મીઠાઈ : ગાંધીનગરની જાણીતી અને સેવા ભાવી સંસ્થા આત્મન્ ફાઉન્ડેશન દ્વારા મકરસંક્રાતિની પૂર્વ સંધ્યાએ પાલજ પાસે આઈ.આઈ.ટી. નિર્માણ સાથે સંકળાયેલા શ્રમિકોના બાળકોને મીઠાઈ અને પતંગનું વિતરણ કરાયું હતું. મકરસંક્રાતિ પૂણ્ય દાનનું પર્વ છે. પીડીતો અને વંચિતોને મદદ કરવાથી સકારાત્મક ભાવ નિર્માણ થાય છે એમ આપણી સાંસ્કૃતિક પરંપરામાં ઉલ્લેખ છે.

# વન-પર્યાવરણ ક્ષેત્રે રાજ્યમાં કુલ ૨૦૪ ઈન્સ્ટ્રેસ્ટ ઓફ ઈન્ટેન્શન કરાયા

ગાંધીનગર, તા. ૧૩

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૫ અંતર્ગત વન અને પર્યાવરણ મંત્રી શ્રી મંગુભાઈ પટેલ અને રાજ્યકક્ષાના મંત્રીશ્રી બચુભાઈ ખાબડની ઉપસ્થિતિમાં વન-પર્યાવરણ ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ. ના રાજય અને દેશ-વિદેશની સંસ્થાઓને સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. વન-પર્યાવરણ વિભાગ સેકટર ઈકોલોજી કમિશન સહિત પર્યાવરણ ક્ષેત્રે કુલ ૧૯૪ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. જેમાં ૨૨ સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ અને ૧૭૨ ઈનવેસ્ટમેન્ટ ઈન્ટેનશન એમ.ઓ.યુ. પર્યાવરણ ક્ષેત્રે થયા છે. આ ઉપરાંત ૮ સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ અને બે ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેનશન મળી કુલ વન વિભાગના ૧૦ ઈન્ટેનશન એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. આમ પર્યાવરણ અને વન ક્ષેત્રે કુલ ૩૦ સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ અને ૧૭૪ ઈનવેસ્ટમેન્ટ ઈન્સ્ટેન્સન મળી કુલ ૨૦૪ ઈન્સ્ટ્રેસ્ટ ઓફ ઈન્ટેનશન કરવામાં આવ્યા છે.

વન અને પર્યાવરણ વિભાગ તેમજ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પર્યાવરણ ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓને પર્યાવરણ રક્ષક એવોર્ડ-૨૦૧૩ તેમજ લઘુ, મધ્યમ અને મોટા ઔદ્યોગિક સેક્ટર માટે વર્ષ-૨૦૧૦ નો ગુજરાત ક્લીનર પ્રોડક્શન એવોર્ડ મંત્રીશ્રીઓના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. તેમજ જી.પી.સી.બી. અને ગુજરાત ક્લીનર પ્રોડક્શન સેન્ટર દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ પુસ્તકોનું પણ મંત્રીશ્રીઓને હસ્તે વિમોચન કરાયું હતું.

સર્ટિફિકેટ એનાયત કાર્યક્રમમાં જી.પી.સી.બી.ના સભ્ય સચિવ શ્રી ડૉ. ભરત જૈન સ્વાગત પ્રવચન તેમજ આભારવિધિ અગ્ર મુખ્ય વનસંરક્ષક શ્રી સી.એન. પાંડેએ કરી હતી.

આ પ્રસંગે જી.પી.સી.બી.ના અધ્યક્ષ શ્રી કે.યુ. મિસ્ત્રી, જી.સી.પી.સી.ના અધ્યક્ષ શ્રી બી.બી. સ્વેન, અગ્ર મુખ્ય વન સંરક્ષક (વાઈલ્ડ લાઈફ) શ્રી એસ.પી. પંત અને જી.પી.સી.બી.ના સભ્ય સચિવ શ્રી હાર્દિક શાહ સહિત મોટી સંખ્યામાં ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા.

### ગાંધીનગરના આસીસ્ટન્ટ પ્રોફેસર કુ. મિતાલી શ્રીમાંકર પીએચ.ડી. થયા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરની સરસ્વતી ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્માસ્યુટીકલ સાયન્સ કોલેજના આસીસ્ટન્ટ પ્રોફેસર મિતાલી વિનોદભાઈ શ્રીમાંકરે ડૉ. એન.એમ. પટેલના માર્ગદર્શન હેઠળ 'હર્બલ ફોરમ્યુલેશન' અંગે તૈયાર કરેલ મહાનિબંધને ઉત્તર ગુજરાત યુનિવર્સિટીએ માન્ય કરીને પીએચ.ડી.ની ડીગ્રી આપેલ છે. મિતાલી શ્રીમાંકરે પીએચ.ડી. ડીગ્રી હાંસલ કરી શ્રીમાંકર પરિવાર તેમજ ગાંધીનગરનું ગૌરવ વધારેલ છે.

### વિકલાંગો માટે રૂડમી દ્વારા આઠમો ગ્રામ્ય પુર્નવસન એવોર્ડસ સમારોહ

ગાંધીનગર-સરખેજ હાઈવે પર ગોતા ચાર રસ્તા નજીક આવેલ રૂરલ ડેવલોપમેન્ટ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ દ્વારા વિકલાંગો માટે આઠમા ગ્રામ્ય પુર્નવસન એવોર્ડસનો વિતરણ સમારોહ તા. ૧૮મી જાન્યુઆરી રવિવારે સવારે ૧૦.૩૦ વાગે યોજવામાં આવ્યો છે. સમારંભમાં રાજયસભાના સાંસદ ડૉ. કરણસિંહ ઉપસ્થિત રહી એવોર્ડસનું વિતરણ કરશે રૂરલ ડેવલોપમન્ટ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં વિકલાંગોના પુર્નવસન અને તેમને આર્થિક રીતે પગભર થવા માટે જરુરી અવકાશ આપવા પ્રયત્નશીલ સંસ્થા છે. આ એવોર્ડ ગ્રામ્ય વિસ્તારના મજબૂત મનોબળ ધરાવતા વિકલાંગો દ્વારા તેમના કૌશલ્ય થકી આર્થિક વિકાસ માટે સંસ્થાની ઉપર્યુકત મદદ દ્વારા નોંધપાત્ર પ્રગતિ સાધી શકયા છે તેઓને પ્રોત્સાહિત કરવા માટે આપવામાં આવનાર છે.

### રામપુરા (ભોયણ) પ્રા. શાળામાં ઈજાગ્રસ્ત પક્ષીઓની સારવાર માટેનો વર્કશોપ યોજાયો

ગાંધીનગરના વનશ્રી ટ્રસ્ટ દ્વારા ઉત્તરાયણ નિમિત્તે રામપુરા (ભોયણ) પ્રાથમિક શાળામાં ઈજાગ્રસ્ત પક્ષીઓને સારવાર અંગે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આ પ્રસંગે એક રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં આશુતોષ તિવારી દ્વારા ભુલકાઓને ઈજાગ્રસ્ત પક્ષીઓની સંભાળ અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત આ બાળકોને ઉત્તરાયણ દરમ્યાન પક્ષીઓને ઈજા ન પહોંચે તે રીતે પતંગ ઉડાડવા જણાવ્યું હતું.

# અસ્મિતા શોધના પ્રવાસપંથી સ્વામી વિવેકાનંદ

**વિચારોના મધુવનમાં**

પ્રા. ડો. રાકેશ પટેલ

સામાન્ય માણસ પ્રવાસ કોઈ એક છેડેથી શરૂ કરે છે અને કોઈ એક ભાગે પૂરો કરે છે. પ્રવાસ પછી અઢળક થાક અને ખિસ્સા ખાલી થઈ ગયાનો અફસોસ વ્યક્ત થતો હોય છે. મહાપુરુષોના પ્રવાસ આત્મખોજથી આરંભાતા હોય છે અને માનવકલ્યાણ સાથે આગળ વધતા હોય છે. ક્ષણેક્ષણ જીવી જવાની ઝંખના તેમનું ઈંધણ બની શરીરને ચલાવે રાખે છે. સ્વામીજી આંખોમાં ભવ્ય ભારતના સ્વપ્નને આંજી વર્ષો સુધી ભારતની ભૂમિને ખુંદતાં રહ્યા. ભારતીયોની અસ્મિતા ઠરી ગઈ હતી તેને ફરી જાગૃત કરી આજના સમયને વાવી દીધો હતો. સાધુ તો ફરતાં ભલા ! ૧૮૮૮માં વિવેકાનંદે બેલૂરમઠ છોડ્યો અને પરિવ્રાજક બન્યા. કોઈ પણ નિશ્ચિત ઘર વિનાના, સંબંધો વિનાના, સ્વતંત્ર અને અજાણ્યાની પેઠે- ભ્રમણ કરતા સાધુનું ધાર્મિક જીવન એટલે પરિવ્રાજક. તેમનો એકમાત્ર આધાર હતો કમંડલ , કાયા અને તેમના બે પ્રિય પુસ્તકો- ભગવદ્ગીતા અને - ધ ઈમિટેશન ઓફ ક્રાઈસ્ટ.

નરેન્દ્રનાથે ભારતના ચારે ખૂણામાં ૫ વર્ષ સુધી પ્રવાસ કર્યો, શિક્ષણના મુખ્ય કેન્દ્રોની મુલાકાત લીધી, વિવિધ ધાર્મિક પરંપરાઓ અને સામાજિક જીવનની વિવિધ તરાહો સાથે પોતાની જાતને પળોટી. તેમણે લોકોના દુઃખ અને ગરીબી માટે સહાનુભૂતિ કેળવી અને રાષ્ટ્રના ઉત્થાન માટે સંકલ્પ કર્યો.

મુખ્યત્વે ભિક્ષા પર નભતા નરેન્દ્રનાથે મોટાભાગનો પ્રવાસ પગે ચાલીને અને પ્રવાસ દરમિયાન તેમને મળતા ચાહકોએ આપેલી રેલ્વે ટિકીટો પર કર્યો. આ પ્રવાસો દરમિયાન તેમણે વિદ્વાનો, દિવાનો, રાજાઓ અને જીવનના તમામ ક્ષેત્રોના લોકો-હિન્દુઓ, મુસ્લિમો, ખ્રિસ્તીઓ, ગરીબ, સરકારી અધિકારીઓ - સાથે ઘરોબો કેળવ્યો અને તેમની સાથે રહ્યા. સ્વામી વિવેકાનંદ તેમને મળતા લોકોની સાથે પોતાના વિચારો વહેંચતા હતા. તેઓ લોકોને કહેતા - વિશ્વની તમામ શક્તિઓ આપણી જ છે. આપણે જ આપણા હાથ આંખો પર મૂકીને બરાડા પાડીએ છીએ કે બધે અંધકાર છે. જાણી લો કે આપણી પાસે અંધકાર નથી. હાથ ઉઠાવી લો એટલે પ્રકાશનું દર્શન થશે. એ તો પેહલેથીજ હતો. અંધકાર, નિર્બળતા ક્યાંય હતી જ નહી .આપણે જ માની લીધું છે કે આપણે નિર્બળ, અપવિત્ર, અસફળ છીએ. કાર્ય કરવું એ ઘણું સારું છે, પરંતુ તે વિચારોમાંથી આવે છે. માટે મસ્તિષ્કને ઉન્નત વિચારોથી, સર્વોચ્ચ આદર્શોથી ભરી દો; તેમને અહર્નિશ તમારી નજર સમક્ષ રાખશો તો તેમાંથી જ મહાન કાર્યોનો જન્મ થશે. જો તમારે સફળતા પ્રાપ્ત કરવી હોય તો તમારી પાસે પ્રચંડ ખંત અને દ્રઢ ઈચ્છાશક્તિ હોવાં જોઈએ. ખંતીલો માણસ કહે છે; હું સાગરને પી જઈશ, મારી ઈચ્છા થતાં સાથે જ પર્વતો કડકભૂસ થઈને તૂટી પડશે. આવા પ્રકારની શક્તિ પ્રાપ્ત કરો. જો તમે પુરુષાર્થ કરશો તો તમે ધ્યેયને પામી શકશો.

૧૮૮૮માં તેમણે વારાણસીથી તેમના પ્રવાસની શરૂઆત કરી. વારાણસીમાં તેઓ પંડિત અને બંગાળી લેખક ભૂદેવ મુખોપાધ્યાય તેમજ શિવ મંદિરમાં રહેતા વિખ્યાત સંત ત્રૈલંગ સ્વામી ને મળ્યા, અહીં, તેઓ જાણીતા સંસ્કૃત વિદ્વાન બાબુ પ્રમદાદાસમિત્રાને મળ્યા, હિન્દુ શાસ્ત્રોના અર્થઘટન માટે તેમની સલાહ માગતા અસંખ્ય પત્રો વિવેકાનંદે લખ્યા હતા. વારાણસી પછી તેમણે અયોધ્યા, લખનૌ, આગ્રા, વૃંદાવન, હાથરસ અને ઋષિકેશની મુલાકાત લીધી. હાથરસ ખાતે તેઓ શરદચંદ્ર ગુપ્તાને મળ્યા, એક સ્ટેશન માસ્ટર, જેઓ પાછળથી સ્વામીના સૌ પ્રથમ શિષ્યોમાંના એક બન્યા અને સદાનંદ નામ ધારણ કર્યું. ૧૮૮૮-૧૮૯૦ દરમિયાન તેમણે વૈદ્યનાથ, અલ્હાબાદની મુલાકાત લીધી. અલ્હાબાદથી તેમણે ગાઝીપુરની મુલાકાત લીધી, જયાં તેઓ પવહારી બાબાને મળ્યા, જેઓ એક અદ્વૈત વેદાંત સન્યાસી હતા અને મોટા ભાગનો સમય ધ્યાનમાં વીતાવતા હતા. જુલાઈ, ૧૮૯૦માં તેમના સખા સાધુ સ્વામી અખંડાનંદની સાથે તેમણે પરીવ્રાજક તરીકેનો તેમનો પ્રવાસ ચાલુ રાખ્યો અને પશ્ચિમની તેમની મુલાકાત પછી જ તેઓ મઠ માં પાછા ફર્યા. તેમણે નૈનિતાલ, અલમોડા, શ્રી નગર, દહેરાદૂન, ઋષિકેશ, હરદ્વાર અને હિમાલયની મુલાકાત લીધી. આ પ્રવાસ દરમિયાન તેમને બૃહદ બ્રહ્માંડ અને ગુરુ બ્રહ્માંડનો સાક્ષાત્કાર થયો.પાછળથી પશ્ચિમમાં તેમણે આપેલા જ્ઞાન યોગ પરના ભાષણ, બ્રહ્માંડ -બૃહદ બ્રહ્માંડ અને ગુરુ બ્રહ્માંડ તેનું પ્રતિબિંબ પડ્યું હોવાનું જણાય છે. આ પ્રવાસો દરમિયાન તેઓ તેમના સખા સાધુઓ - સ્વામી બ્રહ્માનંદ, શારદાનંદ, તુરીયાનંદ, અખંડાનંદ, અદ્વૈતાનંદને મળ્યા. તેઓ થોડા સમય માટે મેરઠમાં રહ્યા, જયાં તેઓ તેમનો સમય ધ્યાન, પ્રાર્થના અને શાસ્ત્રોના અભ્યાસમાં વીતાવતા હતા. . જાન્યુઆરી ૧૮૯૧ના અંતમાં, સ્વામી તેમના સખા સાધુઓને છોડીને એકલા દિલ્હી ગયા.

સામાન્ય જનમાં આત્મવિશ્વાસ કેળવવા કહેતા - જે મનુષ્યને પોતાની જાતમાં શ્રધ્ધા નથી તે નાસ્તિક છે. જૂના ધર્મોએ કહયું, જેને પ્રભુમાં શ્રધ્ધા નથી તે નાસ્તિક છે. નવો ધર્મ કહે છે, ???? પોતાનામાં જ શ્રધ્ધા નથી તે નાસ્તિક છે. કરોડો રૂપિયા ખોવોયેલા કદાચ પાછાં મળી જશે પરંતુ એક ક્ષણ પણ ઈશ્વર સ્મરણ વગર જશે તે ક્ષણ પાછી નહિ આવે. ભગવાનની મૂર્તિ સામે ઉભા રહી તેને હૃદયભાવથી જોઓ , થોડીકવાર મનમાં સ્મરણ કરો. દરેક માનવીની સફળતા પાછળ કયાંક પણ જબરદસ્ત સચ્ચાઈ, જબરદસ્ત પ્રમાણિકતા રહેલાં હોવાં જ જોઈએ ; જીવનમાં તેની અસાધરણ સફળતાનું કારણ એ જ છે. દિલ્હીમાં, ઐતિહાસિક સ્થળોની મુલાકાત પછી તેઓ રાજપુતાનાની ઐતિહાસિક ભૂમિ અલવર ગયા. પાછળથી તેમણે જયપુરનો પ્રવાસ કર્યો, જયાં તેમણે પણિનીના અષ્ટાધ્યાયી નો સંસ્કૃતના એક વિદ્વાનની મદદથી અભ્યાસ કર્યો. ત્યારબાદ તેમણે અજમેરની મુલાકાત લીધી, જયાં તેમણે અકબરના મહેલ અને વિખ્યાત દરગાહની મુલાકાત લીધી અને માઉન્ટ આબુ ગયા. અહીં તેઓ ખેત્રીના મહારાજ અજિતસિંહને મળ્યા, જેઓ તેમના પ્રખર ભક્ત અને ટેકેદાર બન્યા. તેમને ખેત્રીની મુલાકાત લેવાનું નિમંત્રણ મળ્યું. અહીં તેમણે રાજા સાથે ચર્ચાઓ કરી. ખેત્રીમાં તેઓ પંડિત નારાયણદાસની સંગતમાં રહ્યા અને પણિનીના સૂત્રો પરના મહાભાષ્ય નો અભ્યાસ કર્યો. ખેત્રીમાં અઢી વર્ષ વીતાવ્યા પછી ઓકટોબર ૧૮૯૧ના અંતભાગમાં તેઓ રાજસ્થાન અને મહારાષ્ટ્ર તરફ આગળ વધ્યા. પોતાનો પ્રવાસ ચાલુ રાખીને તેમણે અમદાવાદ, વઢવાણ, લીંબડીની મુલાકાત લીધી. અમદાવાદમાં તેમણે ઈસ્લામ અને જૈન સંસ્કૃતિ પરનો તેમનો અભ્યાસ પૂરો કર્યો. લીંબડીમાં તેઓ ઈંગ્લેન્ડ અને અમેરિકા જઈ આવેલા ઠાકોર સાહેબ જસવંતસિંહને મળ્યા. વેદાંતનો ઉપદેશ આપવા પશ્ચિમના દેશોમાં જવાનો સર્વ પ્રથમ વિચાર સ્વામીને ઠાકોર સાહેબ પાસેથી મળ્યો. જયારે તેઓ પરિવ્રાજક તરીકે ભ્રમણ કરતાં લીંબડી આવ્યાં હતા ત્યારે ત્યાંના ઠાકોર સાહેબે સ્વામીજીને પશ્ચિમમાં યોજાઈ રહેલી સનાતન ધર્મની પરિષદમાં ભાગ લેવા માટેની પ્રેરણા આપી હતી. ભવિષ્યમાં આ પ્રકારની ધર્મ પરિષદ યોજાવાની છે એવી વાત સ્વામી વિવેકાનંદે સૌ પ્રથમવાર ગુજરાતમાં સાંભળી હતી. પાછળથી તેમણે જુનાગઢ, ગિરનાર, કચ્છ, પોરબંદર, દ્વારકા, પાલિતાણા, વડોદરાની મુલાકાત લીધી. પરિવ્રાજક રહેવાની પ્રતિજ્ઞા છતાં વિદ્વાનપંડિતો પાસે પોતાના તત્વચિંતન અને સંસ્કૃતના અભ્યાસને પાકો કરવા પોરબંદરમાં તેઓ પોણું વર્ષ રહ્યા. વેદનો અનુવાદ કરનારા દરબારના પંડિત સાથે તેમણે કામ કર્યું. વિવેકાનંદ હંમેશા ચીલાચાલુ વિચારોને બદલે નવીન વિચારો વહેંચતા. જેમકે, તમે પાંચ વિચારોને પચાવ્યા હોય અને તેમને તમારાં જીવન અને ચારિત્ર્યમાં ઉતાર્યા હોય તો જે માણસે આખી લાયબ્રેરી ગોખી લીધી હોય તેના કરતાં તમે વધુ કેળવાયેલા છો. ગુરુની શિક્ષાપત્રી , ગીતા, રામાયણ, ઉપનિષદ કે ભગવાનની ચાલીશા માટે સવારમાં થોડોક સમય કાઢો. સારું વાંચનથી તમારો સારો વિકાસ થશે, તમારામાં આધ્યાત્મિકતા વધશે. તમારામાં ભક્તિભાવ આવશે. પાછળથી તેમણે મહાબલેશ્વરનો પ્રવાસ કર્યો અને પછી પૂણે ગયા. પૂણેથી તેઓ જુન ૧૮૯૨ની આસપાસ ખંડવા અને ઈન્દોર ગયા. કાઠિયાવાડમાં તેમણે વિશ્વના ધર્મોની સંસદ અંગે સાંભળ્યું હતું અને તેમના અનુયાયીઓએ તેમને સંસદમાં હાજરી આપવા વિનંતી કરી હતી. તેઓ ખંડવાથી મુંબઈ જવા નીકળ્યા અને જુલાઈ ૧૮૯૨માં ત્યાં પહોંચ્યા. પૂણે જતી ટ્રેનમાં તેઓ બાલ ગંગાધર ટિળકને મળ્યા. પૂણેમાં થોડા દિવસો ટિળક સાથે રહ્યા પછી સ્વામી ઓકટોબર ૧૮૯૨માં બેલગામ ગયા.બેલગામ ખાતે તેઓ પ્રો. જી. એસ. ભાતે અને સબ-ડિવિઝનલ ફોરેસ્ટ ઓફિસર હરિપદ મિત્રાના મહેમાન બન્યા. બેલગામથી તેમણે ગોવામાં પંજીમ અને માર્ગગોવાની મુલાકાત લીધી. જયાં લેટિનભાષાનું દુર્લભ ધાર્મિક સાહિત્ય હસ્તપ્રતો અને મુદ્રિત સર્જનોમાં સચવાયું છે તેવી ગોવાની અધ્યાત્મવિદ્યાની સૌથી જુની કોન્વેન્ટ કોલેજ રેચોલ સેમિનરીમાં તેમણે ત્રણ દિવસ ગાળ્યા. અહીં તેમણે ખ્રિસ્તી ધર્મી મહત્વની અધ્યાત્મિક કૃતિઓનો અભ્યાસ કર્યો હોવાનું કહેવાય છે. માર્મગોવાથી સ્વામી ટ્રેનમાં ધારવાર ગયા અને ત્યાંથી સીધા મૈસુર રાજયમાં આવેલા બેંગ્લોર ગયા.

બેંગ્લોરમાં સ્વામીએ મૈસુર રાજયના દિવાન સર કે. શૈષાદ્રી ઐયર સાથે ઘરોબો કેળવ્યો અને પાછળથી તેઓ મૈસુરના મહારાજા શ્રી ચામરાજેન્દ્ર વાડીયારના મહેમાન તરીકે મહેલમાં રોકાયા. સ્વામીના અભ્યાસ અંગે સર શેષાદ્રીએ એવું કહ્યું હોવાનું નોંધાયું છે કે, એક ચુંબકીય વ્યક્તિત્વ અને એક દૈવી તાકાત, જે તેમના દેશના ઈતિહાસ પર પોતાની છાપ છોડી જવા નિર્માયા હતા. મહારાજાએ સ્વામીને કોચીનના દિવાન પર ભલામણપત્ર લખી આપ્યો અને તેમને રેલ્વેની ટિકીટ આપી. બેંગ્લોરથી તેમણે ત્રિશુર, કોડુંગલુર, એર્નાકુલમની મુલાકાત લીધી. એર્નાકુલમ ખાતે ૧૮૯૨ ?? ડીસેમ્બરના પ્રારંભમાં તેઓ નારાયણ ગુરુના ગુરુ ચટ્ટમ્પી સ્વામિકલને મળ્યા. એર્નાકુલમથી તેમણે ત્રિવેન્દ્રમ, નાગરકોઈલનો પ્રવાસ કર્યો અને ૧૮૯૨ ?? ક્રિસમસની પૂર્વસંધ્યાએ પગે ચાલીને કન્યાકુમારી પહોંચ્યા. કન્યાકુમારી ખાતે સ્વામીએ છેલ્લા ભારતીય ખડક પર બેસીને ત્રણ દિવસ ધ્યાન ધર્યું હોવાનું કહેવાય છે. આ ખડક પાછળથી વિવેકાનંદ ખડક સ્મારક તરીકે જાણીતો થયો. કન્યાકુમારી ખાતે વિવેકાનંદન એક ભારતનો વિચાર આવ્યો હોવાનું કહેવાય છે. તેમણે લખ્યું, કન્યાકુમારીથી તેમણે મદુરાઈની મુલાકાત લીધી, જયાં તેઓ રામનદના રાજા ભાસ્કર સેતુપતિને મળ્યા, જેમના માટે તેમની પાસે ઓળખાણપત્ર હતો. રાજા સ્વામીના અનુયાયી બન્યા અને તેમને શિકાગો ખાતે ધર્મોની સંસદમાં જવાની વિનંતી કરી.મદુરાઈથી તેમણે રામેશ્વરમ, પોંડિચેરીની મુલાકાત લીધી અને તેઓ મદ્રાસ ગયા અને અહીં તેઓ તેમના સૌથી પ્રખર અનુયાયીઓને મળ્યા, જેવા કે અલસિંગા પેરુમલ, જી. જી. નરસિંહાચારી. આ અનુયાયીઓએ અમેરિકા ખાતે સ્વામીના પ્રવાસ માટે ભંડોળ એકઠું કરવામાં અને પાછળથી મદ્રાસમાં રામકૃષ્ણ મિશનની સ્થાપના કરવામાં મહત્વની ભૂમિકા ભજવી.મદ્રાસથી તેમણે હૈદરાબાદનો પ્રવાસ કર્યો. મદ્રાસના તેમના ભક્તો, મૈસુર, રામનદ, ખેત્રીના રાજાઓ, દિવાનો અને અન્ય અનુયાયીઓ એકઠા કરેલા ભંડોળની મદદથી વિવેકાનંદ ૩૧મી મે, ૧૮૯૩એ મુંબઈથી ખેત્રીના મહારાજાએ સૂચવેલું વિવેકાનંદ નામ ધારણ કરીને શિકાગો જવા નીકળ્યા.